# ધોરણ 6 ગૃહકાર્ય

નમસ્કાર શિક્ષક મિત્રો તેમજ બાળ દોસ્તો આ વેકેશન માં સમય નો સદ્ઉપયોગ માટે અમે – શિક્ષક  સાગર એપ ટીમ – આપના માટે ઘણી બધી  તૈયારી કરી રહ્યા છીએ અમે આપના માટે પઝલ્સ,  વાર્તાંમ જીલ્લા પરિચય વ્યક્તિ વિશેષ પરિચય, બાળગીત પોથી, અક્ષર સુધારણા અભિયાન, તેમજ અવનવી પ્રવૃતિઓ આપ્નામાતે લાવી રહ્યા છીએ તો આવી તમામ પ્રવૃતિઓ મેળવવા માટે અમારા વોટ્સેપ  ગ્રુપ્મજોઇન થવા માટે અહી ક્લિક કરો

**અહી ક્લિક કરો**

# ધોરણ – 6 ગૃહકાર્ય

સુજ્ઞ વાલીશ્રી,

આપણે સૌ ઈચ્છીએ છીએ કે આપણું સંતાન સારું જીવન જીવે. સંતાનોના શિક્ષણમાં સહભાગી બની તેના સર્વાંગી વિકાસ માટે તેને મદદ કરીએ. આગામી વેકેશનમાં બાળકોને મોજ, મસ્તી, રમત-ગમતમાં લીન રહેવા દો. સાથે સાથે દરરોજ બે-ત્રણ કલાક વાંચન તથા અભ્યાસ કરાવવામાં આવે તો તેનું શિક્ષણ વેકેશનમાં પણ ચાલતું રહે. વેકેશનમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ બાળકોને અવશ્ય કરવા દઈએ અને તેને પ્રોત્સાહન આપીએ...

## અલગ નોટબુકમાં આ ગૃહકાર્ય લખવું.

- ઘર વપરાશની ૫૦ વસ્તુઓના ભાવ જાણી તેનું ભાવપત્રક લખો. તેમાંથી કોઈપણ પાંચ વસ્તુઓના ભાવને આલેખ સ્વરૂપે દર્શાવો.
- દરરોજ સરવાળા,બાદબાકી, ગુણાકાર, ભાગાકારનો એક-એક દાખલો ગણવો.
- સર્વાંગી શિક્ષણના પુસ્તકમાંથી રોજ એક પાઠનું વાચન કરવું.
- દરરોજ સવારે માતા-પિતા અને વડીલોને વંદન કરવું તેમજ પક્ષીઓને ચણ નાખવું.
- એક મહિના માટે દરરોજનું વાંચન આયોજનનું તમારું ટાઈમ ટેબલ બનાવો. જેમાં તમામ વિષયને આવરી લેવા.
- દરરોજ એક પાઠનું વાચન કરવું અને દરરોજ એક ફકરો સુંદર અક્ષરે લખવો.
- દરરોજ જમતાં પહેલાં ગાય કે કૂતરાને રોટલો કે રોટલી ખવડાવી તેની ખાવાની રીતનું અવલોકન કરવું.
- શાળા પુસ્તકાલયમાંથી આપેલ બે પુસ્તક વાંચવા અને તેનો પુસ્તક પરિચય લખવો.
- દરરોજ પાંચ-પાંચ સમાનાર્થી, વિરુદ્ધાર્થી, રૂઢિપ્રયોગ અને સ્પેલિંગ લખવા અને તૈયાર કરવા.
- દરરોજ તમારી રોજનીશી લખવી. (અલગ નોટબુકમાં)
- શાળાનો નકશો દોરો અને રંગ પૂરો.
- ગુજરાતના જિલ્લાઓનાં નામ ગુજરાતી તેમજ અંગ્રેજીમાં લખો તેમજ ગુજરાતનો નકશો દોરી તેમાં દર્શાવો.

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

વર્ષ 2024-25

- હંસ, મોર, કૂકડો અને શિકારી આ ચાર પાત્રોનો ઉપયોગ કરીને એક વાર્તાની રચના કરવી અને લખવી.
- વેકેશન દરમિયાન ઓછામાં ઓછા પાંચ વ્યકિતઓને મદદરૂપ થવું.
- ટૂંકનોંધ લખોઃ- (૧) આહારના ઘટકો, (૨) પૃથ્વીનાં આવરણો, (૩) હડપ્પીય નગરરચના
- આકૃતિઓ દોરોઃ- (૧) પુષ્પના ભાગો, (૨) વિવિધ પ્રકારના ચૂંબક, (૩) પેરિસ્કોપની રચના (૪) પૃથ્વીના ગોળા પર અક્ષાંશ–રેખાંશ, (૫) હોકાયંત્ર
- પ્રોજેકટ બનાવો :- (૧) સૂર્યમંડળ (૨) પર્ણપોથી, નકશાના પ્રકાર, (૪) ગુજરાતી લેખકોનો પરિચય
- નિબંધ લખોઃ- (૧) જો હું પોલિસ હોઉ તો, (૨) મારો પ્રિય તહેવાર, (૩) પુસ્તકોની મૈત્રી..
- ૧૦૦ સુધી એકડી હિન્દી, અંગ્રેજીમાં અંકોમાં-શબ્દોમાં લખવી.
- તમારો અને તમારા મિત્રનો પરિચય હિન્દી અને અંગ્રેજીમાં લખો
- ૧ થી ૨૦ સંખ્યાઓના વર્ગ અને ઘન લખો અને તૈયાર કરો.
- ગુગલ પર સર્ચ કરી આ વ્યકિતઓ વિશે વધુ જાણકારી મેળવીને લખો. (૧) પી.વી.સિંધુ, (૨) લતા મંગેશકર, (૩) ધ્રુવ ભટ્ટ
- ૧ થી ૨૫ના ઘડિયા સીધા, આડા અને ઊંધા લખવા.
- તમારા વર્ગખંડમાં લગાવવા માટે સુંદર તોરણ બનાવો.
- બે સાવરણા (ઝાડુ) બનાવવા.
- તમને ગમતું કોઈ એક વૃક્ષ રોપી અને તેનો ઉછેર કરવો તથા તેના પાંચથી દસ ઉપયોગો લખવા.


shikshansagar.com શિક્ષણ સાગર The King of Education